# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ

### પ્રશ્નપત્ર-૨

**સમય : બપોરે ૨ થી ૫ રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯ કુલ ગુણ : ૧૦૦**

**(વિભાગ : ૧ 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા અવતરણો તથા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ અવતરણો તથા પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના અવતરણો તથા પ્રસંગો માન્ય ન ગણાય. (૪) આ નોંધ પ્રશ્ન-૧ થી પ્રશ્ન-૭ માં સરખી જ લાગુ પડશે.**

**પ્ર.૧ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ હોવા જોઈએ. પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ પ્રશ્નના જવાબને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે. આ નોંધ પ્રશ્ન-૧, પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૩ને સરખી જ લાગુ પડે છે.**

૧. **પરબ્રહ્મ અને અવતારવાદ (૩૧ થી ૩૮) અનુપ્રવેશથી અવતારો :-** **(૧)** સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૨)** આ વાત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : અક્ષરધામના પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે. તે ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી, ને અક્ષરધામના પતિ છે. (ગ.મ. ૧૩) **(૩)** સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૪)** તે એ અવતાર ક્યારે થાય છે એ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : બ્રહ્માંડ બ્રહ્માંડના જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે ભગવાનની પ્રાર્થના કરે છે જે, 'હે મહારાજ ! તમે અમને દયા કરીને દર્શન દ્યો અને અમારા બ્રહ્માંડમાં પધારો.' ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે, તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે જ વર્તે છે. જો દેવમાં દેહ ધારણ કરે છે તો દેવના જેવી જ ચેષ્ટા કરે છે તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે.....અને એ ભગવાન મનુષ્યના દેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે. (પંચાળા -૪) **(૫)** (અને તે) ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના ભક્તને પોતામાં હેત થાય તે સારુ માણસ જેવા જ ભગવાન થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી... પોતાનો દિવ્યભાવ છે તેને છુપાવી રાખવો તે ઉપર જ (ભગવાનની) પોતાની દૃષ્ટિ રહે છે, અને છુપાવતે છુપાવતે કદાચિત્ પોતે કોઈક કાર્યમાં ઉતાવળા થઈ જાય છે, ત્યારે દિવ્યભાવ જણાઈ આવે છે. અને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈ ભક્તને જણાવે છે. (પંચાળા-૪) **(૬)** ટૂંકમાં પોતાનું ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) **(૭)** વૈરાજપુરુષ દ્વારાએ (ભગવાનના) અવતાર થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો એમ સમજવું જે, એ જે (અક્ષરાતીત પુરુષોત્તમ એવા જે) વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે (અક્ષરાત્મક મૂળપુરુષ/મહાપુરુષરૂપે) કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય, ત્યારે અવતાર કહ્યા છે. માટે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોંખા પડી જાય, ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહીં. (ગ.મ. ૩૧) **(૮)** કારણ કે, ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેટલી દેખાડવી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. (લો. ૪) **(૯)** ટૂંકમાં, અંશાવતાર, આવેશાવતાર, કળાવતાર ઇત્યાદિ પ્રકારે જે અવતારો છે, તે સર્વે વૈરાજપુરુષમાંથી (અર્થાત્ ઈશ્વરકોટિના ચૈતન્યમાં, મૂળપુરુષદ્વારાએ કરીને) પુરુષોત્તમ ભગવાનના તત્-તત્કાળ પૂરતાં તત્-તત્ પ્રકારના અંતર્યામીશક્તિ દ્વારા અનુપ્રવેશથી થાય છે. (પંચા. ૭) **(૧૦)** અને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે. તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાંખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે. અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે..... અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો, તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોંખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જે હોય તેવો રહે છે. (પંચા. ૭) **(૧૧)** એ ભગવાનની જન્મ અને દેહે મૂક્યાની રીતિ તો અલૌકિક છે. (ગ.મ. ૧૩) **(૧૨)** જે કાર્ય નિમિત્તે જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે, ત્યારે તે દેહનો ત્યાગ કરે છે. (લો. ૧૮) **(૧૩)** પરંતુ પૃથ્વી પર પ્રાકૃત દેહ ધરવા છતાં, ભગવાન જે જે તત્ત્વોનો અંગીકાર કરે છે તે તત્ત્વો બ્રહ્મરૂપ છે. નિર્ગુણ થઈ જાય છે. પોતે સદા માયાથી નિર્લેપ રહે છે. (ગ.મ. ૧૩) **(૧૪)** અને તે પરબ્રહ્મ

ભગવાનનું મૂળ સ્વરૂપ સદા દ્વિભુજ, દ્વિચરણયુક્ત, મનુષ્યાકૃતિ પરંતુ દિવ્ય છે. તો પણ પોતાની ઇચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંતભુજ યુક્ત સ્વરૂપ દેખાડે છે, તથા મત્સ્ય, કચ્છ, વારાહ આદિક રૂપે ભાસે છે. એવી રીતે જ્યાં જેવું ઘટે તેવું રૂપ પ્રકાશે છે; પરંતુ પોતે તો સદા એકરૂપે જ વિરાજમાન રહે છે. (લો.૪, લો.૧૮, પંચા.૪)

**સર્વાવતારીનું પ્રાકટ્ય :-** **(૧)** પરંતુ જ્યારે સર્વાવતારી પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન પોતે જ પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે તેમની પ્રગટ થવાની રીત તો અવતારોના અવતરણ કરતાં તદ્દન જુદી છે. સર્વાવતારીના પ્રાકટ્યની રીત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''અક્ષરાતીત અને મનવાણીથી પર અને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, ''જ્ઞાની-અજ્ઞાની એવા જે મૃત્યુ લોકના મનુષ્ય તે સર્વે મને દેખો' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે. (ગ.પ્ર. ૭૮) **(૨)** અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થાય છે .... અને ભગવાન (પરબ્રહ્મ-પુરુષોત્તમ) જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ (મૂર્તિમાન અક્ષરબ્રહ્મ) અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ (મુક્તો) અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે...... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી. (ગ.પ્ર. ૭૧) **(૩)** પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન સદાય પોતાના દિવ્ય અક્ષરધામમાં એકરૂપે વિરાજમાન હોય છે. પરંતુ પોતાનું અગાધ ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) **(૪)** અને એ ભગવાન મનુષ્ય દેહને ધારણ કરે છે, ત્યારે મનુષ્યના જેવી ક્રિયા કરે છે. (પં. ૪) **(૫)** પોતાની ઇચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે જન્મ ધરે છે, ને જન્મને ધારણ કરતાં થકા પણ અજન્મા છે. ને દેહને મૂકતા થકા પણ અજર અમર છે. ને નિરંજન છે કહેતાં માયાના અંજને કરીને રહિત છે..... (તેમનું) મનુષ્યદેહને જે ધરવું ને મૂકવું તે તો નટની (માયાની) પેઠે ઇન્દ્રજાલ સરખું છે. (અમ. ૪) **(૬)** છતાં એ ભગવાનની જન્મ ધર્યાની અને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને પૃથ્વી પર દેહ ધરવા છતાં જે જે તત્ત્વને ભગવાન અંગીકાર કરે છે તે તત્ત્વ બ્રહ્મરૂપ અને નિર્ગુણ થઈ જાય છે, અને પોતે તો સદા માયાથી નિર્લેપ અને અસંગી રહે છે. (ગ.મ. ૧૩) (૭) ટૂંકમાં ધામમાં રહ્યા થકા અહીં પૃથ્વી પર તથા અનંતકોટિ બ્રહ્માંડને વિષે-જ્યાં પણ પોતાને સ્વેચ્છાથી પ્રકટ થવું હોય ત્યાં પોતાના ભક્તને અર્થે અનંતરૂપે દેખાય છે. (લો. ૪ને આધારે) **(૮)** અને તેથી જ ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી. (ગ.મ. ૧૩) **(૯)** એટલું જ નહીં, પરંતુ, તેજોમય જે ભગવાનનું અક્ષરધામ તેને વિષે રહી જે ભગવાનની આકૃતિ (મૂર્તિ) અને પ્રકટ પ્રમાણ સર્વેને દૃષ્ટિ ગોચર પ્રત્યક્ષ મૂર્તિ વચ્ચે અધિકપણે સાદૃશ્યપણું છે. જેવી અક્ષરધામમાં રહેલી પુરુષોત્તમની મૂર્તિ દિવ્ય છે એવી જ નયનગોચર પ્રત્યક્ષમૂર્તિ પણ દિવ્ય છે. (ગ.અં. ૩૧) **(૧૦)** એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. (ગ.અં. ૩૮) **(૧૧)** સમપણે દિવ્ય છે. પરંતુ ભગવાન સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાની સામર્થીને છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે, સખાભાવે, મિત્રભાવે ઇત્યાદિકભાવે વર્તે છે. (કારિ. ૫)

**અવતારીનું પ્રાકટ્ય-પ્રયોજન :** **(૧)** સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણના પ્રાકટ્યનું મુખ્ય પ્રયોજન પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા અને તે ભક્તની ઇચ્છા હોય તેવી રીતે લાડ લડાવવા, (કારિ.૫) **(૨)** એકાંતિક ભક્તને દર્શન દેવાં ને તેમની રક્ષા કરવી. (ગ.મ. ૧૯) **(૩)** ભક્તના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની રક્ષા કરવી. (વર.૧૩) **(૪)** અને પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ (એકાંતિક ધર્મ) તે પ્રવર્તાવવાને અર્થે થાય છે. (ગ.મ. ૪૬) **(૫)** અવિદ્યારૂપ જે માયા તેનો નાશ કરવો અને જીવોને બ્રહ્મરૂપ કરવા. (શ્રીજીના પ્રસાદીના પત્રો) એ પણ મુખ્ય પ્રયોજન છે. તે ભેળું (મુખ્ય પ્રયોજન ભેળું અન્ય પ્રયોજન) અસંખ્ય જીવનું કલ્યાણ કરવું, ધર્મનું સ્થાપન કરવું. (કારિ. ૫) અધર્મનો ઉચ્છેદ કરવો, (ગમ. ૧૯) એ હેતુ પણ હોય છે.

**સ્વમુખે સર્વાવતારીપણાની ઓળખ :-** સ્વ-સ્વરૂપનું સર્વોપરિપણું કૃપાએ કરીને શ્રીજીમહારાજ આ રીતે સમજાવે છે : **(૧)** આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થાય છે. અને પોતે તો અવતારી છે. ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. (અમ. ૬) **(૨)** માટે, ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરિ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. (ગ.મ. ૯) **(૩)** જે તેજને વિષે (અક્ષરધામને વિષે) મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો. (ગ.મ. ૧૩) **(૪)** અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા પુરુષોત્તમ વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૫)** માટે, સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું... સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગૌલોક અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું ? તો, મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. (અમ. ૭) **(૬)** અને એવા સર્વોપરિ જે પુરુષોત્તમ ભગવાન તે જે દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વેજનના નયનગોચર વર્તે છે. અને તમારા ઇષ્ટદેવ છે. ને તમારી

સેવાને અંગીકાર કરે છે. અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. ને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વે કારણના પણ કારણ છે, ને સર્વોપરિ વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છે. (ગ.અં. ૩૮)

૨. **શરીર-શરીરી સંબંધ (૨૧ થી ૨૫)** **(૧)** પરબ્રહ્મ સર્વોચ્ચ આધ્યાત્મિક તત્ત્વ છે. તે એક અને અદ્વિતીય છે. તેમના તુલ્ય કોઈ છે નહિ, તેમ જ તે જેવો થવાને કોઈ સમર્થ નથી. ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે.'' (લો. ૧૩) **(૨)** પરબ્રહ્મ જ પરમેશ્વર પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ છે. તે એક જ સર્વોપરિ, સર્વતંત્ર-સ્વતંત્ર અને સર્વ કારણના કારણ છે. પરબ્રહ્મ સદા સાકાર, સદા સગુણ, સર્વજ્ઞ, સર્વકર્તા, દિવ્ય અને પૂર્ણ છે. અનવધિકાતિશય અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોએ યુક્ત તથા સકળ ઐશ્વર્યસંપન્ન છે. સર્વ દોષે અને વિકારે રહિત છે અને અમાયિક છે. **(૩)** જીવ, ઈશ્વર, માયા (પ્રકૃતિ-જગત) અને અક્ષરબ્રહ્મ, એ સર્વના આધાર, નિયામક, કારણ, ધારક અને અંતર્યામી કેવળ પરબ્રહ્મ છે. **(૪)** પરબ્રહ્મ એક જ સ્વતંત્ર, અતિસમર્થ, અંતર્યામી શક્તિએ સર્વવ્યાપક, સર્વદ્રષ્ટા, (સર્વપ્રત્યયસાક્ષી) સર્વના પ્રેરક, સર્વના નિયંતા અને સર્વના આત્મા છે. **(૫)** જ્યારે સામે પક્ષે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મ - એ સર્વે પરબ્રહ્મ-પરમાત્મા દ્વારા નિયામ્ય, વ્યાપ્ય, આધીન, પરતંત્ર અને અતિ-અસમર્થ છે. **(૬)** તેથી જ સર્વના આત્મા, સર્વવ્યાપક અને સ્વતંત્ર-સર્વાધાર પરબ્રહ્મને જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મના શરીરી કહ્યા છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મને પરબ્રહ્મનું શરીર કહ્યું છે. અહીં 'શરીર-શરીરી-સંબંધ' શબ્દાર્થ કે વાસ્તવિક અર્થમાં ન લેતાં, તેના સાચા ભાવાર્થમાં સમજવાનો છે. **(૭)** તેઓ કહે છે : ''આત્મા અને અક્ષર એ બેને જે પુરુષોત્તમ ભગવાનનું શરીરપણું તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું તેણે કરીને છે. કેવી રીતે તો ભગવાન જે તે પોતાની અંતર્યામીશક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે ને બેય તો વ્યાપ્ય છે. અને ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે - પરતંત્ર છે. અને ભગવાન જે તે અતિસમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે. એવી રીતે ભગવાન જે તે એ બેયના શરીરી છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે અને શરીરી એવા જે પુરુષોત્તમ ભગવાન તે તો સદાય દિવ્ય મૂર્તિમાન છે. (ગ.પ્ર. ૬૪) **(૮)** વળી, વચનામૃત ગ.પ્ર. ૬૪નો સમગ્રતયા અભ્યાસ કરતાં 'શરીર' અને 'શરીરી' નાં લક્ષણો શ્રીજીમહારાજના મતે નીચે પ્રમાણે સ્પષ્ટ કરી શકાય. 'શરીર' એટલે પરબ્રહ્મ દ્વારા વ્યાપ્ય, પરબ્રહ્મને આધીન, સદા પરતંત્ર, પરબ્રહ્મની અપેક્ષાએ અતિ અસમર્થ, પરબ્રહ્મને દૃશ્ય, પરબ્રહ્મથી પ્રેર્ય, પરબ્રહ્મથી નિયામ્ય, પરબ્રહ્મ દ્વારા અવસ્થિત અને પરબ્રહ્મની તુલનામાં 'સકળ ઐશ્વર્ય સંપન્ન નહીં.' આત્મા (એટલે પોતપોતાની માયા-પ્રકૃતિ-સમેત સર્વે જીવો અને ઈશ્વરો) તથા અક્ષર (એટલે અક્ષરબ્રહ્મ તથા અક્ષરમુક્તો) હંમેશા પરબ્રહ્મનું શરીર છે, જ્યારે પરબ્રહ્મ તેમના શરીરી છે. **(૯)** 'શરીરી' એટલે સદા સર્વોપરી પરબ્રહ્મ કે જે સર્વમાં (આત્મા = જીવો+ઈશ્વરોમાં અને અક્ષર = અક્ષરબ્રહ્મ+અક્ષરમુક્તોમાં) વ્યાપક છે, સર્વના આધાર છે, સર્વતંત્ર-સ્વતંત્ર છે, અતિ સમર્થ છે, સર્વના દ્રષ્ટા છે, સર્વના પ્રેરક છે, સર્વના નિયામક છે, સર્વમાં મૂર્તિમાનપણે અંતર્યામી છે અને સકળ ઐશ્વર્ય સંપન્ન છે. ટૂંકમાં પરબ્રહ્મ સદા સ્વતંત્ર, સર્વશરીરી સર્વાધાર અને સર્વાત્મા છે. **(૧૦)** ''ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે.'' (ગ.મ.૧૭) **(૧૧)** ''મૂર્તિમાન થકા પણ દ્રષ્ટા અને દૃશ્ય, એ બેયના દ્રષ્ટા છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૨)** ''સર્વે આત્મા અને તે આત્માને વ્યાપ્ય, ને આત્માને દૃશ્ય એવા જે દેહ, એ સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્માપણે રહ્યા છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૩)** ''તે ભગવાન અણુ-અણુ પ્રત્યે વિરાજમાન છે.'' (ગ.પ્ર. ૭૮) **(૧૪)** ''ક્ષર અને અક્ષર, એ બેયને પોતાની શક્તિએ કરીને ધારી રહ્યા છે અને પોતે તો ક્ષર અક્ષર થકી ન્યારા છે.'' (ગ.પ્ર. ૭૨) **(૧૫)** ''એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે, તેમજ પ્રકૃતિપુરુષથી પર જે અક્ષરબ્રહ્મ, તેના પણ આત્મા છે.'' (ગ.પ્ર. ૭૨) **(૧૬)** ''આત્મા ને અક્ષર એ સર્વેના પ્રેરક છે, ને સ્વતંત્ર છે, ને નિયંતા છે, ને સકળ ઐશ્વર્યે સંપન્ન છે, ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૭)** અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન... અનંત કોટિ .... બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે.'' (ગ.પ્ર. ૭૮) **(૧૮)** અને ''ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વ તેનું આત્મા છે અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે પ્રધાનપુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે, અને એ સર્વે ભગવાનનું શરીર છે.'' (કારિ. ૮) **(૧૯)** તથા ''પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ (સર્વમાં વ્યાપક એવા નિરવયવ અક્ષરબ્રહ્મ) તેના પણ આત્મા છે અને અક્ષરના (સદા સાકાર સાવયવ અક્ષરબ્રહ્મના) પણ આત્મા છે અને અનંતકોટિ જે મુક્ત તેના પણ આત્મા છે.'' (લોયા-૧૦) **(૨૦)** એ પરબ્રહ્મ તો ''બ્રહ્મ (અક્ષરબ્રહ્મ)ના પણ કારણ છે, ને આધાર છે, ને પ્રેરક છે.'' (ગ.મ. ૩) **(૨૧)** અને આ અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મ-પુરુષોત્તમ સાથે 'દાસભાવયુક્ત નિત્યપરમસ્નેહૈક્ય સંબંધથી સીધા જ સદા સર્વદા જોડાયેલા છે. **(૨૨)** ટૂંકમાં, સર્વના આત્મા, સર્વમાં અંતર્યામીપણે વ્યાપક, સર્વના કારણ અને સર્વકર્તા હોવા છતાં પરબ્રહ્મ સદા દિવ્ય, સાકાર અને નિર્લેપ છે. (ગ.મ. ૧૭ અને ગ.પ્ર. ૬૨) **(૨૩)** આમ, આગવા અર્થમાં, શરીરથી વિશિષ્ટ શરીરી-પરમાત્મા છે. આ પ્રમાણે ચિદ્ અને અચિદ્‌થી વિશિષ્ટ હોવા છતાં પરમાત્મા સ્વતંત્ર અને નિર્લેપ છે. આ પ્રકારે સર્વથી પૃથક્ હોવા છતાં જીવ, ઈશ્વર, માયા, મુક્તો અને અક્ષરબ્રહ્મથી સદા વિશિષ્ટ

એકમેવ-અદ્વિતીય પરબ્રહ્મ-પરમાત્મા છે. આ એક સ્વતંત્ર-મૌલિક વેદાંતદર્શન છે, જેને આપણે 'નવ્ય વિશિષ્ટાદ્વૈત વેદાંત' તરીકે ઓળખાવી શકીએ.

૩. **મુક્તિ (૭૪ થી ૭૮) (૧)** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ - આ ચારેનો વિકાસ સાધકના જીવનમાં આવશ્યક છે. એવી એકાંતિકી ભક્તિ જ મોક્ષ અર્થાત્ પરમ પદનો હેતુ છે. એકાંતિકી ભક્તિમાં પતિવ્રતા સ્ત્રીના જેવી અનન્ય નિષ્ઠા અને પરમ નિર્માનીપણાનું દ્યોતક એવું દાસત્વપણું અંતર્ગત છે. એકાંતિકી ભક્તિમાં પરમાત્માના પ્રગટ સ્વરૂપની ઉપાસના ભક્તિનો નિર્દેશ છે. **(૨)** જે મુમુક્ષુજન પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુ પાસેથી જ્ઞાન-પ્રાપ્તિ અને અધ્યાત્મ સાધના કરે છે, તે જ મોક્ષને માર્ગે પૂરેપૂરો આગળ વધી પરમપદ પામી શકે છે, કારણ કે જે મુમુક્ષુજન ત્રણ ગુણ, ત્રણ અવસ્થા ને ત્રણ દેહથી પોતાના આત્માને વિલક્ષણ જાણીને, પ્રગટ અક્ષરબ્રહ્મના સાકાર સ્વરૂપ સંગાથે પોતાના આત્માની એકતા પ્રાપ્ત કરીને પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપની ભક્તિ કરે છે, તે જ જીવનમુક્ત થાય છે અને તે જ પરમપદ જે મોક્ષ તેને પામે છે અને તે જ પરમધામમાં (અક્ષરધામમાં) પરબ્રહ્મ પરમાત્માની નિત્ય સેવામાં સ્થાન પામે છે. (શિક્ષા. ૧૧૬, ૧૨૧ તથા લો. ૭ અને ગ.મ. ૩૦) **(૩)** (પ્રગટ) મૂર્તિમાન અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેનારો ભક્ત જ નિર્વિકલ્પ સમાધિવાળો છે અને તે જ મુક્તિને પામે છે. અને તે જ પરબ્રહ્મની નિત્ય ભક્તિનો અધિકારી બને છે. (ગ.પ્ર.૪૦, શિક્ષા-૧૨૧, ૧૧૬) અને તેથી જ અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જ અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ (મૂર્તિમાન - સાકાર - પ્રગટ) અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ એમ શ્રીજીમહારાજ કહે છે. (લો. ૧૨) કારણ કે ''મારું સ્વરૂપ તો માયાથકી મુક્ત ને પર એવું જે (સાકાર-અક્ષર) બ્રહ્મ તે છે.'' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે છે. (ગ.મ. ૩૧) અને જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. **(૪)** આમ, પોતાના જીવાત્માને એ બ્રહ્મ (પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ) સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી સેવકભાવે ઉપાસના કરવી. (ગ.મ. ૩) **(૫)** એ જ આત્યંતિકી મુક્તિનું સાચું સ્વરૂપ છે. કારણ કે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ (પ્રીતિ) જ બ્રહ્મસ્વરૂપ છે. (ગ.મ. ૪૩) **(૬)** ભગવાન કૃપાસાધ્ય છે. ભક્તનો અવિરત દાખડો અને અતિદૃઢ ભક્તિ દેખીને પોતે તેને આધીન થઈ જાય છે. (પ્ર. ૬૧) તેના પર પોતાની કૃપા-કરુણા વરસાવે છે અને તે મુમુક્ષુના દોષો વિકારો, અજ્ઞાન અને કારણ શરીરની વાસનાઓ પોતાના સંકલ્પમાત્રે ટાળીને તેનો મોક્ષ કરે છે ''માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'' (સા., ૯) **(૭)** ''અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'' (ગ.અં. ૭) **(૮)** માટે ''પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ (સદાય) ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ, તે અણુમાત્ર છેટે નથી.'' (સા. ૧૦) **(૯)** આ છે જીવનમુક્તિનો આદર્શ, આ છે જીવનમુક્તિની સ્થિતિ, આ છે અવિદ્યા અને કારણ શરીર-વાસનામય લિંગદેહથી મુક્તિ. **(૧૦)** જીવનમુક્તિ એટલે અવિદ્યા અને જન્મમરણના ફેરામાંથી નિવૃત્તિ અને ભગવાનના સાન્નિધ્ય અને સુખની અહોનિશ અનુભૂતિ. **(૧૧)** એવી રીતે જે (ભક્ત) ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે ..... એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (કા.૧) **(૧૨)** આવી સિદ્ધદશા પામેલા તે જીવનમુક્તને પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહીં. (કા.૭) **(૧૩)** ટૂંકમાં, જીવનમુક્તિ, એ અવસ્થાની (સ્થિતિની) પ્રાપ્તિ છે જેમાં આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું (દિવ્યાનંદનું) સુખ (એ ભક્ત) ભોગવે છે. (ગ.મ. ૪૫) **(૧૪)** આવો જીવનમુક્ત દેહ મૂક્યા કેડે ભગવાનના ધામમાં જાય છે ત્યારે તેને ભગવાનની ઇચ્છા-કૃપાથી બ્રહ્મરૂપ દેહ (દિવ્ય-તેજોમય-પરમાત્મા સમાકાર-ભાગવતી તનુ) પ્રાપ્ત થાય છે. (ગ.પ્ર.૧, ગ.મ. ૬૬) **(૧૫)** આમ, વિદેહમુક્તિ એ દેહ મૂક્યા કેડે થતી પરમપદની પ્રાપ્તિ છે; જ્યારે જીવનમુક્તિ એ, એ જ સુખની દેહ છતાં અનુભવાતી (પૂર્ણકામપણાની) સ્થિતિ છે. આવો ભક્ત દેહ મૂક્યા કેડે (વિદેહમુક્તિમાં) ભગવાને આપેલ ભાગવતી તનુએ કરીને ભગવાનની સેવાને વિષે રહે છે. (ગ.પ્ર. ૫૩, ૬૩) **(૧૬)** અને ભગવાનનો ભક્ત જ્યારે દેહ મૂકે છે ત્યારે સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન પોતે જ તેને સ્વધામ - અક્ષરધામમાં લઈ જવા દિવ્ય દેહે પધારે છે અને નિર્વાસનિક થયેલા બ્રાહ્મી સ્થિતિ પામેલા ભક્તજનને કૃપાએ કરીને અષ્ટપ્રકારની જડ પ્રકૃતિથી ભિન્ન એવો અપ્રાકૃત દિવ્ય ચૈતન્યમય (પ્રકાશમય) દેહ ભગવાન પોતે જ આપે છે, જેણે કરીને પરમધામ-અક્ષરધામમાં પરબ્રહ્મની સેવા-ભક્તિનું સુખ અને પરમાનંદ ચિરંતન માણે છે. **(૧૭)** ભગવાનના પરમ અક્ષરધામમાં પરબ્રહ્મ ભગવાન, અક્ષરબ્રહ્મ અને અક્ષરમુક્તો એ સર્વેનો આકાર ભગવાનના જેવો છે, સત્ય છે, દિવ્ય છે, અતિશય પ્રકાશે યુક્ત છે, પુરુષના જેવો દ્વિભુજ છે, ને સચ્ચિદાનંદરૂપ છે તો પણ મુક્તો પુરુષ છે, જ્યારે ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વમાં શ્રેષ્ઠ છે, ને એ સર્વેને ઉપાસ્ય છે ને સર્વેના સ્વામી છે (ગ.અં. ૩૭, ૩૮) ધામમાં અક્ષરબ્રહ્મ અને સર્વે મુક્તો દાસભાવે પરબ્રહ્મની નિત્ય નિરંતર ધ્યાન-ભક્તિમાં રત રહે છે. **(૧૮)** એવી રીતે ભગવાનના ભક્ત મુક્તિ દશામાં ભગવાનના

સાધર્મ્યપણાને પામે છે તો પણ, સ્વામી-સેવકપણું રહે છે. (ગ.મ. ૬૭) 'સાધર્મ્યપણું' એટલે પુરુષોત્તમ સમાકાર દિવ્ય તનુ પ્રાપ્ત થાય છે. પરંતુ પરમધામ-અક્ષરધામની (મુક્તિની) પ્રાપ્તિ થયા પછી પણ 'સ્વામી-સેવક' 'પરમેશ્વર-દાસ', 'ભગવાન-ભક્ત', 'ઉપાસ્ય-ઉપાસક' ભેદ અને સંબંધ નિત્ય નિરંતર રહે છે. ટૂંકમાં અક્ષરબ્રહ્મ (સાકાર અક્ષરબ્રહ્મના સ્વરૂપ) સાથે મુક્તો સર્વેનો અભેદ (ગુણસાધર્મ્યભાવના અર્થમાં), અને પરબ્રહ્મ સંગાથે ભેદ (સેવક/દાસ-પણાના અર્થમાં) કાયમ રહે છે. (ગ.મ. ૬૭ ને ૩૧) **(૧૯)** તેમજ, પ્રકાશપણે સજાતિપણું હોવા છતાં ભેદ અતિશય છે. (લો. ૧૫) **(૨૦)** અક્ષરધામમાં મુક્તો સર્વે નિરંતર પુરુષોત્તમની મૂર્તિનું અવર્ણનીય સુખ-આનંદ લેવામાં જ અખંડ રત હોય છે. **(૨૧)** આમ, સ્વામી-સેવકભાવની ભક્તિમાં દાસત્વપણું એ અમાનીત્વની પરાકાષ્ઠા છે. અહંકારનું સંપૂર્ણ નિરસન છે. 'સ્વ'ને ભૂલી 'પર'મય થવાનું ચરમ લક્ષ્ય છે તેથી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી, તેમના ચરણનું સેવન કરવું - તેને જ ઉપાસનાની સિદ્ધિ અને તેને જ મુક્તિ માની છે. (શિક્ષાપત્રી - ૧૨૧)

**પ્ર-૨ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. **પાંચ તત્ત્વો (૨૧) (૧)** ભગવાન સ્વામિનારાયણે શ્રીમદ્ રામાનુજાચાર્યનો 'વિશિષ્ટાદ્વૈત' મતને પ્રિય ગણ્યો છે, પરંતુ તેમના તત્ત્વત્રયના (ચિદ્, અચિદ્, ઈશ્વરના) સ્થાને પાંચ તત્ત્વો નિત્ય કહ્યાં છે. તેઓ કહે છે : ''વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ (અક્ષર) અને પરમેશ્વર (પરબ્રહ્મ) - એ સર્વે અનાદિ છે.'' (ગ.અં. ૧૦) **(૨)** આ પાંચે તત્ત્વો વચ્ચેનો ભેદ સાચો છે, વાસ્તવિક છે, પરંતુ એ ભેદ કાલ્પનિક, આભાસી કે ઔપચારિક નથી. આ વાતની પુષ્ટિ કરતા તેઓ ગ.પ્ર.૭ માં કહે છે : ''પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ પાંચ ભેદ તે અનાદિ છે.'' **(૩)** ટૂંકમાં આ પાંચે તત્ત્વો એક બીજાથી ભિન્ન છે, નિત્ય છે, શાશ્વત છે. આ વાતની પુષ્ટિ તેમણે ગ.મ. ૩૧ તથા સાંરગ. ૫ માં પણ કરી છે.

૨. **અક્ષરબ્રહ્મ - ધામરૂપ (૪૧ થી ૪૨) (૧)** અક્ષરરૂપ જે (મૂર્તિમાન) બ્રહ્મ તે જ શ્રી પુરુષોત્તમનારાયણને રહેવા સારું ધામરૂપ થયું છે. ને સર્વ અક્ષરબ્રહ્મ (બ્રહ્મસંજ્ઞાવાળા અક્ષરમુક્તો થકી) ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે. ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે. (અમ.૩) **(૨)** આ અક્ષરધામ અનંત છે, અપાર છે, અધોઊર્ધ્વ ને પ્રમાણે રહિત છે. અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે. આ ધામની સંકોચ-વિકાસ અવસ્થા નથી. આ ધામ સદા અવિનાશી છે. જ્યારે બીજાં ધામો પ્રાકૃત પ્રલય કે આત્યંતિક પ્રલયમાં નાશ પામે છે. અન્ય ધામો, અક્ષરધામની તુલનામાં તુચ્છ છે. 'એ ભગવાનના ધામનો હેઠે, ઉપર ને ચારેકોરે અંત નથી કેમ જે એ અપાર છે... ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદો (મુક્તો) રહ્યા છે તે સર્વ ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. (અમ. ૩) **(૩)** અનંત મુક્તો એ ધામમાં પરબ્રહ્મની મૂર્તિનું નિરંતર સુખ લે છે અને પરબ્રહ્મના સુખે સુખિયા છે. એ સુખ અપરિમિત છે. અક્ષરધામના (બ્રહ્મરૂપ) તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણપુરુષોત્તમ ભગવાન વિરાજમાન છે ને તે સિંહાસનને ચારેકોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે. (લો. ૧૪) **(૪)** તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે અને અખંડ છે. તેને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ - જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય-પશુ-પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની (અરીસારૂપ) હોય અને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વ સૂર્ય હોય, પછી તેને તેજે કરીને તે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. (ગ.પ્ર. ૧૨) **(૫)** જેમ તેજનો મહાસાગર શોભે, તેમ અક્ષરધામ એવું અનવધિકાતિશય તેજોમય છે. અનંતકોટિ સૂર્ય-ચંદ્ર-અગ્નિનું તેજ ભેગું કરવામાં આવે તો પણ તે અક્ષરધામના તેજની તોલે ન આવે એવું શીતળ અને શાંત અક્ષરબ્રહ્મનું એ જ્યોતિઃસ્વરૂપ છે. તેને વિષે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદાય રહી છે. (ગ.અં. ૩૧) (ગ.પ્ર. ૭, ૧૨, ૧૪, ૩૦, ૪૬. સા. ૯, ૧૦. કા. ૭, ૮. લો. ૭. ગ.મ. ૧૩, ૩૦, ૪૨, ૬૪. ગ.અં. ૭) આ અક્ષરધામની પ્રાપ્તિ એ જ પરમપદ-મોક્ષની પ્રાપ્તિ છે.

૩. **માયા (૪૬ થી ૪૮) (૧)** માયા શબ્દે કરીને ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો નિર્દેશ કર્યો છે. માયાને અવિદ્યા, તમસ, પ્રકૃતિ, અવ્યક્ત વગેરે તરીકે પણ ઓળખાવી છે. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણ યુક્ત હોઈ તેને ત્રિગુણાત્મિકા કહી છે. માયા અંધકારરૂપ છે, જડચિદાત્મક છે, નિત્ય છે, નિર્વિશેષ છે. દેહ તથા દેહના સંબંધીને વિષે અહંમમત્વની કરાવનારી છે. માયા પણ પરબ્રહ્મને આધીન પરબ્રહ્મ દ્વારા નિયામ્ય છે, પરતંત્ર છે અને પરબ્રહ્મની શક્તિ છે. (અહીં 'માયા' શબ્દે કરીને મહામાયા-મૂળમાયા-મૂળપ્રકૃતિ ને પરબ્રહ્મની શક્તિ તરીકે નિરૂપી છે) માયા પરબ્રહ્મની કાર્યોપયોગી પરંતુ પરબ્રહ્મ પર સદા અવલંબિત શક્તિ છે, છતાં પરબ્રહ્મ, માયાથી સદા નિર્લેપ, અસંગી છે. માયા અચેતન (અચિદ્) છે, વિભુ છે અને મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોએ યુક્ત છે. **(૨)** માયાને વિસ્મયકારક કહી છે. માયાની કરામતને ઓળખવી દુષ્કર છે. તેના પાશમાંથી મુક્ત થવું અતિ કઠિન છે. બ્રહ્મસ્વરૂપ સંત અને એ દ્વારા પ્રાપ્ત થતા સત્યજ્ઞાન વગર માયાને ઓળખવી અને તરવી અશક્યવત્ છે. માયાને લીધે આત્મસ્વરૂપનું અને પરમાત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થઈ શકતું નથી. ભગવાન વિના અન્ય પદાર્થમાં હેત તથા ભગવદ્ધ્યાનમાં આડખીલીરૂપ સર્વ પદાર્થને માયા કહી છે તેથી જ ભગવાન વિના બીજે હેત રહે તેમ જ દેહને વિષે અહંબુદ્ધિ, દેહ સંબંધી

પદાર્થને વિષે મમત્વ-બુદ્ધિને તથા પંચવિષયને વિષે હેત રહે, તેને માયા કહી છે. પ્રમાદ ને મોહ માયાનું જ કાર્ય છે. **(૩)** ચેતન જીવેશ્વરોને જડસંજ્ઞા પમાડવાની શક્તિ માયા ધરાવે છે. માયા નિર્વિશેષ છે. અનાદિ છે. મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોની જનેતા છે. જીવેશ્વરોના બંધનનું કારણ છે. જીવેશ્વરોનું ક્ષેત્ર છે. પરબ્રહ્મ પરમાત્માના એક દેશને વિષે તેમની શક્તિરૂપે રહેલી હોવા છતાં, પરમાત્માની બક્ષેલી સત્તાએ કરીને જગત, ઈશ્વરો અને જીવોને વિષે વ્યાપક છે; પરંતુ માયાની સત્તા પરમેશ્વર, પરમેશ્વરના અવતાર, અક્ષરબ્રહ્મ, બ્રહ્મસ્વરૂપ સંત અને અક્ષરમુક્તો પર ચાલતી નથી. એ સર્વમાં માયાનો લેશ નથી. એ સર્વે દિવ્ય, નિર્દોષ અને નિર્લેપ છે. ઊલટાનું જેના પર ભગવાન ને બ્રહ્મસ્વરૂપ સંતની કૃપા-પ્રસાદ છે, તેવા મોક્ષને માર્ગે ચાલનારા ભક્તજનોને તથા મુમુક્ષુઓને પણ માયા સાનુકૂળ થઈ રહે છે. **(૪)** ગાઢ અવિદ્યામય-અંધકાર જેવા પ્રલયકાળે માયા-પ્રકૃતિમાં અસંખ્યાત ચેતન જીવો અને ઈશ્વરો જડતુલ્ય થઈને લીન (બીજરૂપે) રહે છે, તેથી માયાને જડચિદાત્મક કહી છે, તમસ્ કહી છે. માયા જ જીવેશ્વરો માટે અવિદ્યા-કર્મ, અજ્ઞાન અને બંધનનું કારણ છે. (સત્સંગિજીવન ૧૨/૬) **(૫)** માયા (મહામાયા) ઉત્પત્તિરહિત છે, નિત્ય છે, જ્યારે માયાનું કાર્ય જે મહદાદિક ચોવીસ તત્ત્વો અનિત્ય છે, નાશવંત છે. તેથી જગત સત્ય છે, પરંતુ નિત્ય નથી. જગત, ભ્રમ, ભ્રાંતિ કે કાલ્પનિક નથી; પરંતુ નાશવંત છે અને દુઃખકારક છે તથા બંધનકારક છે. આમ, સ્વામિનારાયણીય વેદાંત યથાર્થવાદી (વાસ્તવવાદી) છે.

૪. **ગુરુ - શિષ્ય (૮૩ થી ૮૭)** **(૧)** 'શ્રીહરિદિગ્વિજય' ગ્રંથમાં નિત્યાનંદ સ્વામી લખે છે : ''ગુરુનું અસાધારણ લક્ષણ બ્રહ્મનિષ્ઠા છે અને શિષ્યનું અસાધારણ લક્ષણ મુમુક્ષુતા છે.'' દૈવી સંપદાએ યુક્ત મુમુક્ષુજન જ ધાર્મિક આધ્યાત્મિક શિક્ષા-સિદ્ધિને પાત્ર છે, (શિક્ષા. ૨૧૦) કારણ કે ''જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને સાચા સંતનો સંગ મળે તો તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો, તેના હૃદયને વિષે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણો તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.'' (સા. ૧૮) તથા ''જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે, તથા રૂડા દેશાદિક પ્રાપ્ત થાય, તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ (ભગવાનનો) નિશ્ચય થાય.'' (લો. ૧૨) **(૨)** સામે પક્ષે ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ **'शाब्दे परे च निष्णातः'** અર્થાત્ શાસ્ત્રના સાચા અર્થના જાણકાર ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિવાળા ગુરુ થકી જ સાચું જ્ઞાન થાય છે, કારણ કે ''શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.'' (ગ.પ્ર. ૬૬) **(૩)** આવા ગુરુને ઓળખવા કેમ ? તે બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : ''ઇન્દ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ, તેની ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ, ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે, ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને પોતાને બ્રહ્મરૂપ માને, ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા સંત (સદ્ગુરુ) તેને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે (મુમુક્ષુ) પુરુષ તેને એવા સંતની સેવા કરવી.'' (ગ.અં. ૨૬) **(૪)** એવા ''સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ તે જ આત્મદર્શનનું સાધન છે... અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.'' (વર.૧૧) **(૫)** સર્વાવતારી પરબ્રહ્મ ભગવાન જ્યારે પૃથ્વી પર પધારે છે ત્યારે પોતાનું અક્ષરધામ (સાકાર-મૂર્તિમાન) ને સાથે જ લાવે છે. (ગ.પ્ર. ૭૧ પ્રમાણે) અને કૃપા કરીને એ અક્ષરને ઓળખાવે પણ છે. અને જેમ શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા, ત્યારે ''અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, હવે એ નાશ થઈ ગયા. અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.'' (પં. ૭) **(૬)** તે જ ન્યાયે પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન અક્ષરબ્રહ્મરૂપ માધ્યમ દ્વારા પ્રગટ છે. આ વાતની પુષ્ટિ વરતાલ-૧૦ માં પણ કરી છે : ''અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' અહીં 'મળેલા' અર્થાત્ ભગવાન જેમાં સમ્યક્ પ્રકારે અખંડ નિવાસ કરીને રહ્યા છે એવા ભગવાનના અખંડધારક, સર્વાધાર અક્ષરબ્રહ્મ સ્વરૂપ (ગ.પ્ર. ૨૭ પ્રમાણે) સંત બતાવ્યા છે. **(૭)** અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત (એકાંતિક) ધર્મનું પોષણ થાય છે ને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. (ગ.પ્ર. ૫૪) **(૮)** માટે શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. તેથી એવા સંતને વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો. (ગ.અં. ૨૭) **(૯)** અને એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને સંગે જ મુમુક્ષુ જીવ ''નિરંતર મનન કરતો સતો (પ્રગટ) બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મના ગુણ જીવને વિષે આવે છે.'' (ગ.મ. ૩૧) **(૧૦)** અને એ જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાભક્તિનો અધિકારી બને છે તથા પરમપદ જે મોક્ષ તેને પામે છે. અને એવા સંતને ભગવાનના નિશ્ચયરૂપ તદાત્મકપણાવાળા, નિર્વિકલ્પ સમાધિવાળા, નિર્ગુણબ્રહ્મસ્વરૂપ (ગ.મ. ૧૪માં) કહ્યો છે. ને એ સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે. માટે એ સંત તો બ્રહ્માંડના સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવા સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ સર્વાધાર અક્ષરબ્રહ્મ છે. (ગ.પ્ર. ૨૭) **(૧૧)** તથા જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભગુણ તેણે યુક્ત જે ભક્ત (સંત) તેના હૃદયમાં ભગવાન

અખંડ નિવાસ કરીને રહે છે. (ગ.પ્ર. ૨૭) **(૧૨)** જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક પરોક્ષ સંતનું જે માહાત્મ્ય છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન અને તે ભગવાનના પ્રત્યક્ષ (પરમએકાંતિક બ્રહ્મસ્વરૂપ) ભક્ત સાધુ તેનું માહાત્મ્ય છે. (ગ.મ. ૨૧) **(૧૩)** એવા પરમ એકાંતિક સંત તે તો ગુણાતીત છે. (વ. ૧) **(૧૪)** તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એનાં દર્શન કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે, એવા મોટા છે. (ગ.પ્ર. ૩૭) **(૧૫)** અને જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે, તેમ તે (સંત) પણ સ્વતંત્ર થકા દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકા દેહને નથી ધરતા. (અમ. ૨) **(૧૬)** એવા સંતનું દર્શન તે સાક્ષાત્ ભગવાનનું દર્શન છે. (સા. ૧૦) માટે જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. (અને) જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતી દેહે જ પામે છે. (ગ.અં. ૨) **(૧૭)** એવા ભક્ત (સંત) જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે. (કા. ૧૧) **(૧૮)** તેમને વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો પર દયાએ કરીને છે. (ગ.અં. ૧૪) તેથી એવા સંતનો સમાગમ મળે ત્યારે પરમચિંતામણિને કલ્પવૃક્ષ મળેલ છે, એમ સમજવું. (ગ.પ્ર. ૧૪) **(૧૯)** અને એ તો વડવાનળ અગ્નિ જેવા સિદ્ધદશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે. (વર. ૩) **(૨૦)** એવા (બ્રહ્મસ્વરૂપ) ઉત્તમભક્તની (સંતની) અતિપ્રેમે (ભગવાનના) સરખી સેવા કરનાર આને આ જન્મે ઉત્તમભક્ત જેવો (બ્રહ્મરૂપ) થઈ જાય છે. (વ. ૫)

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચે આપેલાં પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

૧. **એકાંતિક સંત કેમ સમજે અને કેમ વર્તે ? (૯ થી ૧૩)** **(૧)** પરમ એકાંતિક, ભગવાનના અખંડ ધારક સંત કેવી રીતે સમજતા હોય અને કેવી રીતે વર્તતા હોય, તે દર્શાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : ''શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.. અને જે એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે, 'શાસ્ત્રમાં ભગવાનને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે તે તો માયિક એવા જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે. પણ ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે અને અનંત કલ્યાણગુણે યુક્ત છે.'' (ગ.પ્ર. ૬૬) અને જેને એવી દૃઢ પ્રતીતિ હોય જે, આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતા થકા રહે છે અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનું રૂપ તે અનંત સૂર્ય-ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે. એવી જાતની જેને દૃઢ મતિ હોય તે જ આ વાર્તાને સમજી શકે અને તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે, તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે, તેને સમજે છે. પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા, તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ.' (પં. ૭) **(૨)** એકાંતિક ભક્ત તો એમ સમજે જે, 'એક આત્મા વિના જે જે પદાર્થ છે તેનો ત્યાગ કરીને વર્તવું ને ભગવાનની ઉપાસના કરવી.. અને मिथिलायां प्रदीसाप्ता न मे दह्यति किंTचन એમ સમજે.' (ગ.પ્ર.૩૮) 'તથા ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે... તે સત્ય છે, ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે.. તે પુરુષના જેવો દ્વિભુજ છે. ને સચ્ચિદાનંદ રૂપ છે.... એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે, ને તમારા ઈષ્ટદેવ છે, ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા એ જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં, ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં, કાંઈ ભેદ નથી. એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વેના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વે કારણના કારણ છે, સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.' (ગ.અં. ૩૮) અને એવા 'એકાંતિક સંત છે, તે તો ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે અને મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ જે અનંતકોટિ મુક્ત અને અક્ષરધામ, એ સર્વના આત્મા જાણે છે.. અને ભગવાન તો સદા મૂર્તિમાન જ છે એવી રીતે સમજે.' (ગ.પ્ર. ૬૬) **(૩)** ભગવાનના એકાંતિક સંત કેવી રીતે વર્તતા હોય, તે સૂચવતાં શ્રીહરિ કહે છે : 'ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય અને હાથ તે ભગવાન કે ભગવાનના ભક્તની સેવા-પરિચર્યાને જ કરે અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે.' (ગ.મ. ૫૫) આમ 'એ ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ

પંચવિષય હોય તો પણ ભગવાન સંબંધી જ હોય અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઇચ્છે અને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવાને ઇચ્છે અને નેત્ર તે ભગવાન ને ભગવાનના સંતના દર્શન કરવાને ઇચ્છે અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઇચ્છે અને નાસિકા તે ભગવાનને ચડ્યાં જે પુષ્પ - તુલસી તેના સુગંધને ઇચ્છે. પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ. એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.' (ગ.મ. ૪૮) આવા 'મોટા એકાંતિક ક્રિયા કરાવે, પણ તેમાં બંધાવા દે નહિ, ને નિષેધ કર્યા કરે, ને બીજા તો કરાવે એટલું તેના હૈયામાં ભેગું થઈને ખડકાય, ને અંતરમાં ગોટા વળાવે.' એમ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છે. **(૪)** જે એકાંતિક ભક્ત હોય તે ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માને સદા શૂરવીર રહે. નિત્ય નવીન શ્રદ્ધાથી ભગવાનની મૂર્તિ ધારે અને 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય.' એવું તો ભૂલ્યે પણ ન કહે (ગ.પ્ર. ૧૫) અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ. (ગ.પ્ર. ૧૪) પોતાના ઇષ્ટદેવ સિવાય કોઈને કદી સુખદાયી જાણે નહિ. (ગ.મ. ૪૮) વળી તેના મનમાં ભગવાન સિવાય બીજી કોઈ વાસના ન હોય અને અતિશય નિર્માનીપણે વર્તે. (ગ.પ્ર. ૫૬) અને પંચવિષયનો સદા અભાવ વર્તે. (ગ.પ્ર. ૨૬) એટલું જ નહિ, પરંતુ તેને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ થાય જ નહિ. (ગ.મ. ૫૬) અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. (ગ.અં. ૧૬) અને ભગવાનની આજ્ઞા તો કોઈ કાળે પણ લોપે નહિ. ને જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે. (કા. ૧૧) અને ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખે. (ગ.પ્ર. ૨૩) આવા એકાંતિક સંત તો ઇંદ્રિયો, અંતઃકરણ, આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે, પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ. ભગવાન સંબંધી ક્રિયાને જ કરે. પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, પોતાને બ્રહ્મરૂપ માને અને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. માટે એવા સંત તો ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. (ગ.અં. ૨૬) **(૫)** એ એકાંતિક ભક્ત તો પોતાના જીવાત્માને ત્રણ શરીરથી પૃથક્ માને અને અંતર્દૃષ્ટિ (આત્મદૃષ્ટિ) એ કરીને ભગવાનનું ધામ અણુ માત્ર પણ છેટે નથી એમ સમજતો હોય અને પોતાના આત્માને વિષે ભગવાન અખંડ (સદાય) વિરાજમાન છે, તેમ માનતો હોય છે. (સા. ૧૦) એવા એકાંતિક સંત તો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા સર્વોપરી ભક્ત છે, કારણ કે અષ્ટ આવરણેયુક્ત એવા જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર, તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે છે. (લો. ૧૨) આવા સંત તો પોતાના હૃદયને વિષે ભગવાનના ધામનો દરવાજો છે, એવું માનીને સદા જાગ્રત રહે છે અને અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં રહે છે અને દેહની ક્રિયા કરતાં થકા પણ પોતાની સ્થિતિમાંથી ડગતા નથી. એમ નિરંતર ભગવાનની સેવામાં રહે છે. (ગ.અં. ૯) તેથી એ સાચા 'શ્રેષ્ઠ વૈષ્ણવ' છે. (વર. ૨૦) અને જેમ સોનાનો દોરો છયે ઋતુમાં એક સરખો રહે, તેમ ગમે તેવા સુખ-દુઃખ અને માન-અપમાન થાય તો પણ કોઈ રીતે સત્સંગમાંથી તેનું મન પાછું હઠતું નથી. (ગ.અં. ૨૧) એવા સંત તો અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિ સ્થાવર-જંગમ સર્વ આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ તેને ભાસે નહિ. (કા. ૭) અને આટઆટલી મોટપ હોવા છતાં, આવા સંત તો ભગવાનને સર્વ કર્તા-હર્તા જાણીને સ્વામી-સેવક ભાવે કરીને ભગવાનની ભક્તિ - ઉપાસના સદા કરતા હોય છે. (કા. ૧૦) **(૬)** શ્રીહરિ કહે છે કે, 'જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી. એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય, એ જ મરણ છે.' (ગ.મ. ૪૬) તેથી જ પરમેશ્વરના અખંડ ધારક પરમ એકાંતિક સંત, જ્યારે પણ કોઈ મુમુક્ષુને પ્રારબ્ધ, કુસંગ, વાસના કે દેશકાળાદિકે કરીને એકાંતિક ધર્મના માર્ગમાંથી વિચલિત થતો જુએ છે, ત્યારે તેમને અતિશય દુઃખ થાય છે અને તેઓ એવા માર્ગ ચૂકેલા મુમુક્ષુને નિયમ આપીને, કથાવાર્તા દ્વારા સાચી સમજણ આપીને, આજ્ઞા કરીને અને છેવટે જરૂર પડે તો ટોકીને, ઠપકો આપીને અથવા પ્રાયશ્ચિત્ત કરાવીને પણ એકાંતિક ધર્મના રાહ પર ફરીથી ચડાવી દેવાનો આગ્રહ રાખે છે. અનંતગુણોના ધારક હોવા છતાં અને પરમેશ્વરની કૃપાથી પરમેશ્વરતુલ્ય ઐશ્વર્યના ધારક હોવા છતાં મુક્તાનંદ સ્વામી કહે છે તેમ, 'ગુણ કો માન ન આવે.' એવા નિર્માની એ સંત હોય છે અને શિક્ષાપત્રી શ્લોક-૨૦૧માં કહ્યા પ્રમાણે કોઈ કુમતિવાળા દુષ્ટજન તેમને ગાળ દે અથવા મારે, છતાં સહન કરે અને ઊલટાનું તેનું જેમ હિત થાય તેવું જ મનમાં ચિંતવન કરે. એવા 'સકળજન-હિતચિંતક' એ સંત હોય છે.

**('ધાર્મિક વિધાનો અને ભાવના' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)**

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

**૧. સત્સંગ સભા ('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પુસ્તિકાને આધારે)**

૧. સદ્‌વિચારોનું વાવેતર, કુવિચારોનું નિંદામણ - યોગીજી મહારાજનું આયોજન . ૫૬

૨. સત્સંગ સભા સમાજને કેટલી ઉપયોગી છે ? માનવીને માનવ, ભક્ત બનાવે, ગુણત્વને પામે, ગોબેલ્સ, હિટલર, સૉક્રેટિસ, ગાંધીજીના વિચારો, સમાજનું સુંદર શિલ્પ, વૈદિક ભાવનાઓ જીવંત, સમાજ માટે શ્રેષ્ઠ. ૫૭-૫૮

૩. સત્સંગ સભા માટે ગુરુવર્યોના વિધાનો. ૫૮

**૨. માનસી પૂજા એટલે શું ? અને તેનો શો લાભ ? (૨૩-૨૪)** **(૧)** ભગવાન પ્રત્યક્ષ સ્વરૂપે વિરાજતા હોય ત્યારે વિવિધ ઉપચારોથી ભગવાનની સેવા કરીએ. ભગવાન પ્રત્યક્ષ ન હોય ત્યારે અર્ચાસ્વરૂપની પણ પ્રત્યક્ષ ઉપચારો વડે સેવા શક્ય બને. પરંતુ ક્યારેક અર્ચાસ્વરૂપ પણ ન હોય, તો ક્યારેક ઉપચાર દ્રવ્યો (વસ્તુઓ) આપણી પાસે ન હોય તો ? એ સમયે ભગવાનની મનોમય મૂર્તિની મનોમયી પદાર્થો વડે પૂજા કરવી, સેવા કરવી તે જ માનસી પૂજા. બીજા શબ્દોમાં મન દ્વારા થતી પૂજા એટલે માનસી પૂજા. **(૨)** શુદ્ધ ભાવે, ભગવાનને વિષે પ્રેમે કરીને અતિરોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદકંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. (વચ. સા. -૩) **(૩)** પ્રત્યક્ષ પૂજાની જેમ જ સમય-સમયની માનસી પૂજા થઈ શકે છે. ભગવાનને મધુર સ્વરે જગાડવા, કોમળ દાતણ વડે દંતધાવન કરાવવું, મુખપ્રક્ષાલન કરાવવું, સ્નાન કરાવવું વગેરે સેવા મનથી પણ થઈ શકે છે. ઋતુ અનુસાર વસ્ત્રો, પુષ્પહાર વગેરે ધારણ કરાવી શકાય. વચનામૃત ગ.અં. ૨૩માં શ્રીજીમહારાજે માનસી પૂજા કેવી રીતે કરી શકાય તેનું સુંદર માર્ગદર્શન આપ્યું છે. **(૪)** સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ સમયની માનસીપૂજાનું વિધાન છે. **૧.** પ્રાતઃ માનસી - ભગવાનને જગાડવા; સ્નાનાદિક વિધિ કરાવવી. **૨.** શણગાર માનસી - ભગવાનને વિવિધ શણગારો ધરાવવા. **૩.** રાજભોગ માનસી - ભગવાનને વિવિધ વાનગીઓનો થાળ ધરાવવો અને વામકુક્ષી અર્થે આરામ કરાવવો. **૪.** ઉત્થાન માનસી - બપોરના આરામમાંથી ઠાકોરજીને જગાડી મુખ-પ્રક્ષાલન વગેરે કરાવી, જલ તથા ફળફળાદિ ધરાવવાં. **૫.** શયન માનસી - રાત્રી ભોજન કરાવી ઠાકોરજીનાં વસ્ત્રો બદલાવી પોઢાડવા.

**માનસી પૂજાનો લાભઃ** માનસી પૂજાનો વિશેષ લાભ એ કે આપણા બધા જ ભક્તિભાવ તેમાં પૂરા કરી શકીએ છીએ. આપણને ગમતા પદાર્થો ભગવાનની સેવામાં વાપરીએ. આપણને ભાવતાં ભોજનો ભગવાનને જમાડીએ. આપણી ઈચ્છાનુસાર શણગાર ધરાવીએ. આ પ્રકારે સેવા કરતાં, માનસીપૂજાથી આપણને બીજા ઘણા લાભ થાય છે જેવા કે, **(૧)** આપણી આસક્તિ સેવામાં રૂપાંતરિત થાય છે. **(૨)** ગરીબ પણ વગર ખર્ચે વિવિધ ભોગ ધરાવી શકે છે. **(૩)** ભગવાન પોતાના બની રહે છે તથા પોતા જેવા થવાથી સહેજે એમનું ધ્યાન થઈ શકે છે. **(૪)** મનની સ્થિરતા તથા એકાગ્રતા વધે છે. ચિત્તમાં શાંતિનો અનુભવ થાય છે. **(૫)** વચનામૃત ગ.અં. ૨૩ પ્રમાણે ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિમાં હેતની વૃદ્ધિ થાય છે. **(૬)** વચનામૃત સારંગપુર-૩ પ્રમાણે મૂર્તિનો સાક્ષાત્કાર કરવા મનન નિદિધ્યાસન જરૂરી છે તે માનસી પૂજા દ્વારા શક્ય બને છે.

**(વિભાગઃ ૨ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪**
**ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ :- (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર/ પાના નંબર દર્શાવે છે.**
> **(૨) જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. વરતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા**

૧. લક્ષ્મીનારાયણની મૂર્તિઓ માટે સંતોને મહારાજ વડોદરા મોકલે છે. ૫/૨

૨. નીલકંઠ વર્ણીને લાડુ જમાડવાનો મારો સંકલ્પ હતો તે તમે પૂરો કરો. - અમીચંદ - સંતોને ૫/૩

૩. મૂર્તિઓ ગઢપુર લઈ જવા સંતોને સંકલ્પ થાય છે. ૫/૩

૪. મૂર્તિઓ બોચાસણમાં મૂકીને આવ્યા છીએ. - સંતો - શ્રીજીમહારાજને ૫/૪

૫. મહારાજ મુક્તાનંદ સ્વામીને વરતાલ ન આવવા સમજાવે છે - મુક્તાનંદ સ્વામીને હાથે ઈજા. ૫/૫-૬

૬. લક્ષ્મીનારાયણની મૂર્તિઓ બોચાસણમાં મંદિર કરાવી પધરાવવાનો કાશીદાસનો સંકલ્પ. ૫/૮

૭. અમે સ્વંય અમારા ધામ સાથે બોચાસણમાં બેસીશું. મહારાજ - કાશીદાસ મોટાને ૫/૮

૮. અમારા રૂપ સ્વરૂપ સંત દ્વારા તે કાર્ય થશે. - મહારાજ - કાશીદાસ મોટાને. ૫/૯

૯. કલ્યાણ તો અમારી મૂર્તિના સંબંધથી જ થશે. - મહારાજ - બ્રહ્માનંદ સ્વામીને. ૫/૧૦

**૨. પરધર્મીઓ પર શ્રીજીમહારાજનો પડેલ પ્રભાવ**

૧. મિ. એરણ સાહેબની અમદાવાદમાં મંદિર કરવાની વિનંતી. ૪/૯૭

૨. અમદાવાદ નવાવાસ પાસેની ખાલી જમીનની મિ. એરન સાહેબ પાસે માંગણી. ૪/૯૯
૩. મિ. એરણ સાહેબ માટે મહારાજના ઉદ્‌ગારો. દૈવી સંપત્તિના પુરુષો છે એટલે ધર્મને પોષણ મળે છે. ૪/૧૦૦
૪. અમદાવાદમાં મંદિર માટે વિશેષ જગ્યા જોઈતી હોય તો આપવાની મિ.એરનની તૈયારી - તેમના પછી આવનાર મિ. ડનલોપને પણ મહારાજના કાર્યમાં સહકાર આપવાની ભલામણ ૪/૧૭૨
૫. અમદાવાદ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવમાં મિ. ડનલોપે ઉતારા માટે તંબુઓ અને રાવટીઓ મોકલ્યા. ૪/૩૧૭
૬. ભરૂચની સહકારી કચેરીના અમલદારોને મહારાજ અને તેમના કાર્ય પ્રત્યે અનુરાગ હોવાથી 'રેવા' ઉતારવા ચાર વહાણોનો પરવાનો તરત જ આપ્યો. ૫/૨૬
૭. અરદેશર કોટવાલ પર પ્રભાવ ૫/૩૫
૮. સુરતના નવાબ પર પ્રભાવ. ૫/૪૦
૯. સુરતમાં એરન સાહેબના કાર્યની મહારાજ દ્વારા પ્રશસ્તિ. ૫/૪૩-૪૪
૧૦. મુંબઈ ઈલાકાના મદદનીશ રાજ્યપાલ (ગવર્નર) મિ. હોલ્ફર્ડ મહારાજને અર્પણ કરેલી અકીકના પથ્થરની માળા. ૫/૧૫૧
૧૧. અમદાવાદમાં એડવર્ડ લેઈટન જસ્કિનના આમંત્રણથી તેના બંગલે મહારાજ પધાર્યા. ૫/૧૭૬
૧૨. જુનાગઢના નવાબ પર પ્રભાવ. ૫૨૫૬
૧૩. મુંબઈના ગવર્નર સર જહૉન માલ્કમ સાહેબે રાજકોટમાં મહારાજ સાથે મુલાકાત માટે કરેલો પત્રવ્યવહાર. ૫/૩૬૮ થી ૩૭૫
૧૪. આપને એકાંતમાં મળવામાં જ આનંદ આવે છે - માલ્કમ સાહેબ - શ્રીજીમહારાજને ૫/૩૮૫
૧૫. આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે - ગવર્નર - શ્રીજીમહારાજને. ૫/૩૮૬

**૩. અંતિમ મંદવાડ અને ગુણાતીતાનંદ સ્વામીના પ્રગટપણાનો નિર્દેશ.**

૧. સંતો ! આ છેલ્લો ઉત્સવ છે - વરતાલમાં રણછોડજીની પ્રતિષ્ઠા. ૫/૩૯૮ થી ૪૦૦
૨. ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો - તમે જૂનાગઢ જાવ અને બ્રહ્માનંદ સ્વામીને મોકલો. ૫/૪૦૦ થી ૪૦૧
૩. રઘુવીરજી મહારાજ રણછોડજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરે છે. ૫/૪૦૨ થી ૪૦૩
૪. બ્રહ્માનંદ સ્વામી આવી ગયા - આજે ખરેખર મહારાજ મા બની ગયા છે. ૫/૪૦૪ થી ૪૦૫
૫. મહારાજની ગંભીર જણાતી માંદગી - આ શું ઢોંગ માંડ્યા છે ? ૫/૪૦૫ થી ૪૦૭
૬. પીતાંબર તો મિથ્યા ભગવાન હતો - મને મરેલો ધારીને પોક મૂકે છે. ૫/૪૦૭ થી ૪૦૯
૭. તમે જમશો એટલે અમે સારા થઈ જઈશું - અમે બેઠા છીએ ત્યાં જ અમારી આજ્ઞાનો લોપ કરો છો. ૫/૪૦૯ થી ૪૧૨
૮. બ્રહ્માનંદ સ્વામીને મહારાજ જૂનાગઢ જવાની આજ્ઞા કરે છે. ૫/૪૧૨ થી ૪૧૩
૯. આ છેલ્લાં દર્શન છે. છેલ્લી પ્રસાદી છે - ગુણાતીતાનંદ સ્વામીને ઝટ મોકલો. ૫/૪૧૩ થી ૪૧૫
૧૦. ગજબ થઈ ગયો ! - કોઈ મરી ગયું છે ? - દાદાખાચરે નગારાં વગડાવ્યાં. ૫/૪૧૫ થી ૪૧૮
૧૧. અમે હવે ધામમાં જવાના મનસૂબા કર્યા છે - આપ સ્વધામ પધારશો તો આમાંથી કોણ જીવી શકશે ? ૫/૪૧૮ થી ૪૨૦
૧૨. આખું જગત સ્વામિનારાયણનું ભજન કરશે - સ્વામી ! મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે. ૫/૪૨૦ થી ૪૨૪
૧૩. અમે તમારાથી ક્યાં જુદા છીએ - એ ગુણાતીતાનંદ સ્વામી તો અમારું અક્ષરધામ છે. ૫/૪૨૪ થી ૪૨૮
૧૪. મંદિરને માથે પંદરસોનું દેવું છે - કારભારી ! લ્યો, આ રૂપિયા. દેવું ચૂકવી દ્યો. ૫/૪૨૮ થી ૪૩૦
૧૫. વસમી વિદાયની આકરી પળ. ૫/૪૩૦ થી ૪૩૧
૧૬. તમારા સંબંધે સૌને અમારા સંબંધનું સુખ મળશે - મહારાજ સ્વધામ પધારી જાય છે. ૫/૪૩૧ થી ૪૩૩
૧૭. હું તો તમારામાં અખંડ રહ્યો છું. ૫/૪૩૬ થી ૪૩૭

**પ્ર.૬ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. રામદાસ સ્વામીનું ધામગમન અને શ્રીહરિના સ્વરૂપની ઓળખાણ.**

૧. રામદાસ સ્વામી ધામમાં જવાનો સંકલ્પ કરે છે - મારે મહારાજની પૂજા કરવી છે. ૪/૧૯૮-૧૯૯
૨. આ શ્રીહરિ સર્વોપરી છે તેમનાથી પર કોઈ નથી - રામદાસ સ્વામી ધામમાં જાય છે. ૪/૨૦૦-૨૦૧

**૨. ગઢપુર મંદિર નિર્માણમાં ભક્તોનું સમર્પણ**

૧. નારાયણ સુથારે મૂર્તિ કંડારવા મહારાજની મૂર્તિનું કરેલું નિરીક્ષણ - દેવસેવા મૂકી લાકડાં શું તાણો છો ? ૫/૨૫૮
૨. જમાદાર અલિયાસે ઘેલામાંથી પાણો લાવી પાયામાં નાખ્યો. ૫/૨૫૯
૩. સૌ સંતો ઘેલામાંથી પાયામાં પૂરવા માટે લાવતા પથ્થરો - હાથમાં મોરલી ધરાવવી છે અને પગને આંટી આપવી છે. ૫/૨૬૦-૨૬૧

| | | |
|---|---|---|
| ૪. | આ લક્ષ્મીજી જ અમને કડાં આપે છે - દાદાની તોલે આજે સત્સંગમાં કોઈ ન આવે. | ૫/૨૬૧-૨૬૨ |
| ૫. | મહારાજ દાદાખાચરને સુવર્ણનું મંદિર બતાવે છે - શ્રમથી કમાયેલ ધન જો ભક્તિના કામમાં આવે તો કલ્યાણ થઈ જાય. | ૫/૨૬૩-૨૬૪ |
| ૬. | તમે રત્ના કડિયાને મુક્તાનંદ સ્વામી જેવો જાણ્યો ? - કોઠારમાં તો દોકડોય નથી. | ૫/૨૬૪ થી ૨૬૭ |
| ૭. | દાદાખાચર તેમના દરબારમાં કોઠો કરાવે છે - ભગવાનના કામ ઉપર રાજ્યનો હુકમ ચાલે નહીં. | ૫/૨૬૯-૨૭૦ |
| ૮. | માથાં પડશે પણ મૂર્તિપ્રતિષ્ઠા તો થશે જ. | ૫/૨૭૦-૨૭૧ |
| **૩.** | **નરનારાયણ દેવની પ્રતિષ્ઠા અને અક્ષરપુરુષોત્તમની ઓળખાણ** | |
| ૧. | મહારાજ કાંકરિયે ડેરા નાખે છે - શ્રીનગરમાં મહારાજની દિવ્ય નગરયાત્રા. | ૪/૩૧૭-૩૧૮ |
| ૨. | મંદિરની સેવા કરનારાઓને મહારાજ આશીર્વાદ આપે છે. | ૪/૩૧૯ |
| ૩. | પરમાત્માને પરોક્ષ નહીં પણ પ્રત્યક્ષ સમજે છે, એટલે સૌમાં સુહૃદભાવ છે. | ૪/૩૨૧ |
| ૪. | મહારાજ યજ્ઞશાળામાં પધારે છે - આ નરની મૂર્તિ અક્ષરનો અંશ છે, નારાયણની મૂર્તિ પુરુષોત્તમનો અંશ છે. | ૪/૩૨૨-૩૨૩ |
| ૫. | મહારાજ આનંદ સ્વામીને પોતાનું સ્વરૂપ સમજાવે છે. | ૪/૩૨૪ |
| ૬. | શેઠ બેચરભાઈ મણકીવાળા મહારાજની પધરામણી કરાવે છે - અમદાવાદમાં બ્રાહ્મણોની ચોરાશી. | ૪/૩૨૫-૩૨૬ |
| ૭. | મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે. | ૪/૩૩૨ |
| **૪.** | **નેનપુરના દેવજી ભગતના ઘરવાળાની સમજણ અને જીવુબાને થયેલ અંતર્દષ્ટિ.** | |
| ૧. | આ હીરાબા પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતા - આપણો ઉપદેશ એળે ગયો - જ્ઞાનનો અંત છે સ્થિતિ. | ૪/૧૭૭ |
| ૨. | આપણે હોઈએ ત્યાં શોક ન હોય, શોક હોય ત્યાં આપણે ન હોઈએ - ભગત વધુ સુખિયા થયા. | ૪/૧૭૮ |
| ૩. | ઘી ના ઘાડવા સાથે દેવજી ભક્તના ઘરવાળાં ગઢડામાં. | ૪/૧૭૯ |
| ૪. | ભગત તો આપની દયાથી સુખિયા હતા ને વધુ સુખિયા થયા - દીકરો ધામમાં ગયો. | ૪/૧૭૯ |
| ૫. | ભગતની સમજણ - જીવુબાને થયેલી અંતઃદૃષ્ટિ. | ૪/૧૭૯-૧૮૦ |

**(વિભાગઃ ૩ નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા,સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. જીવનમાં ભગવત્ શ્રદ્ધાનું મહત્ત્વ.**

**૧.**'શ્રદ્ધા' બે અક્ષરનો શબ્દ - પણ તેનો મહિમા અનંતગણો છે. **૨.**કહેવાય છે કે માનવી શ્રદ્ધાના તાંતણે જીવે છે માટે જ શ્રદ્ધાને સર્વેની માતા કહી છે. દરેકના જીવનમાં શ્રદ્ધાનું મહત્વ, શ્રદ્ધાની આવશ્યકતા. **૩.** સામાન્ય સંજોગોમાં, સામાન્ય પ્રશ્નોમાં પણ શ્રદ્ધા હોય કે મારું આ કાર્ય થશે જ - નાસ્તિક મનુષ્યના હૃદયમાં પણ શ્રદ્ધા હશે જ. (પ્રસંગો - સાખી - શ્લોક) **૪.** આપણે ઘરમાં, કુટુંબમાં, સમાજમાં, આપણા કાર્યક્ષેત્રમાં આવતી દરેક જગાએ દરેક વ્યક્તિ પર વિશ્વાસ મૂકીએ છીએ. શ્રદ્ધા એ વિશ્વાસથી એક સોપાન ઉપર છે. એકમેક પર શ્રદ્ધાથી વિશ્વાસથી જ જીવન પસાર થાય છે. (પ્રસંગો) **૫.** આમ લૌકિક શ્રદ્ધાનું મહત્ત્વ છે જ પણ સાથે સાથે જીવનમાં ભગવત્ શ્રદ્ધાનું મહત્ત્વ અતિ ગણું - ભગવાન મારું આ કાર્ય પાર પાડશે જ - એવી શ્રદ્ધા નાસ્તિક હોય કે આસ્તિક દરેકને હોય જ છે - કઠિન સંજોગોમાં પણ શ્રદ્ધા રાખવાથી શાંતિ રહે. (પ્રસંગો) અનેક ભક્તોની અનેક મુમુક્ષુઓની ભગવાને કઠિન સંજોગોમાં તેમની શ્રદ્ધાની કસોટી કર્યા બાદ મદદે દોડી જ ગયા છે. (પાંડવો, નરસિંહ મહેતા, મીરાંબાઈ, નાજા જોગિયા) વર્તમાન કાળે પણ અનેક ભક્તોને ભગવાનમાં શ્રદ્ધા છે જ અને તેમનું કાર્ય પણ થાય છે - ઉપસંહાર.

**૨. સ્વામિનારાયણીય સાધના - સત્પુરુષમાં આત્મબુદ્ધિ.**

**૧.** આત્મબુદ્ધિનો અર્થ - દેહ અને દેહના સંબંધીને પ્રીતિ છે તેવી પ્રીતિ સત્પુરુષમાં કરવી તે આત્મબુદ્ધિ - ભગવાન અને સંત સાથે આપોપુ કરવું એટલે આત્મબુદ્ધિ. **૨.** સત્પુરુષનો પ્રસંગ કરવો એટલે આત્મબુદ્ધિ - સંગ કરીએ છીએ પણ પ્રસંગ કરવો તેનો અર્થ સત્સંગને, સત્પુરુષને પોતાના માન્યા હોય તો જ આત્મબુદ્ધિ થાય. (પ્રસંગો) **૩.** સાધકને સાધનાના માર્ગે આગળ વધીને સિદ્ધ દશા સુધી પહોંચવા માટે સત્પુરુષ એ મોક્ષનું દ્વાર - ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એકાંતિક સંત, તેમાં આત્મબુદ્ધિ કરવી. દેહ અને દેહના સંબંધીનો કદિ અવગુણ આવતો નથી. ગમે તેવું મનદુઃખ થાય છતાં આત્મબુદ્ધિ હોવાથી બધું ખમી લેવાય - દેહમાં મારાપણું મનાઈ ગયું છે એવું મારાપણું સત્પુરુષમાં મનાવું જોઈએ. (પ્રસંગો) **૪.** સત્પુરુષમાં દૃઢ પ્રીતિ

હોય, હેત હોય તો આત્મબુદ્ધિ થાય જ. સત્પુરુષ મારા મોક્ષના દાતા છે - આ સત્સંગ મારો જ છે - અહીં જ મારું પરમ કલ્યાણ છે એવું મનાય તો આપણાથી સંતમાં આત્મબુદ્ધિ થાય. (પ્રસંગો) **૫.** અન્ય સંપ્રદાયોની સરખામણીએ 'સ્વામિનારાયણીય સાધના'માં સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરવી એ સાધનાનો મુખ્ય પાયો છે - ઉપસંહાર.

૩. **दुर्लभं भारते जन्म । (ભારતમાં જન્મ દુર્લભ છે.)**

**૧.** શાસ્ત્રોમાં મનુષ્ય દેહની દુર્લભતાની વાત - સાથે દેહની ક્ષણભંગુરતાની વાત પણ કરેલ છે. **૨.** મનુષ્ય દેહ દુર્લભ પરંતુ ભારત જેવા દેશમાં મનુષ્ય જન્મ મળવો તે તો અતિ દુર્લભ - અતિશય ભાગ્યશાળી અને પુણ્યશાળી જીવો જ અહીં જન્મ ધારણ કરી શકે. **૩.** ઉપનિષદ કાળથી ભારત દેશની સંસ્કૃતિ વિખ્યાત - ઋષિમુનિઓના સમયથી દેશની સંસ્કૃતિનો વિકાસ - અન્ય દેશોનું, અન્ય સંસ્કૃતિઓનું જ્યારે અસ્તિત્વ જ નહોતું ત્યારે ભારતમાં સદીઓથી સંસ્કૃતિ, શાસ્ત્રોનું પ્રાદુર્ભાવ, પોષણ, સંવર્ધન અન્ય અસ્તિત્વ ધરાવતા દેશોમાં અંધકાર યુગ, પથ્થર યુગ, ગુફાની સંસ્કૃતિ - આવા સમયમાં ભારતમાં મોટી મોટી વૈજ્ઞાનિક શોધો (અવતારોના લીલાચરિત્રોમાં ઉલ્લેખ થયેલ) સુંદર મકાનો, નગરરચના વગેરે પ્રસંગો. વૈજ્ઞાનિક ક્ષેત્રે મોટી પ્રગતિ - પ્રસંગો. **૪.** સંતો, મહંતો, બુદ્ધિજીવીઓ, વૈજ્ઞાનિકો, સતીઓનો આ દેશ - શુરવીરોનો દેશ - ભક્તોનો દેશ - આવા દેશમાં જન્મ થવો એ દુર્લભ. **૫.** ભારતનો નાગરિક એકંદરે પ્રામાણિક, પાપભીરુ, નીતિના ઊંચા ખ્યાલોવાળો, સેવા, અહિંસા, બ્રહ્મચર્ય વગેરેમાં જગતમાં મોખરે (પ્રસંગો) મુઠ્ઠીભર અપ્રામાણિક એવા તત્ત્વોને કારણે દેશની ગરીમાને ઝાંખપ - છતાં સામાન્ય નાગરિકો ભક્તિપૂર્ણ હૃદયવાળા. **૬.** શ્રીમદ્ ભાગવતમાં દેવતાઓની સ્તુતિઃ ભારતભૂમિમાં અમને ક્ષણજીવી પતંગિયાનો જન્મ આપો - ભારત એટલે આધ્યાત્મિક પ્રકાશમાં રત રહેનાર - વૈદિક સમયથી વહી રહેલી દિવ્ય ગુરુ પરંપરા. **૭.** આવા ભારત દેશમાં જન્મ દુર્લભ અને મનુષ્ય દેહ મળવો દુર્લભ અને તેમાં પણ ભક્ત તરીકે જન્મ ધરીને ભક્તિ કરવી તે મહાદુર્લભ - ઉપસંહાર.

❑ ❑ ❑